ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 26th December, 2016

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા** શ્રીનિવાસા રામાનુજનની ૧૨૯મી જન્મજયંતી

**"રાષ્ટ્રીય ગણિત દિવસ" ની ઉજવણી કરાઈ.**

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી જીલ્લાની શાળાઓ, કોલેઝો ઉપરાંત મહિલા મંડળો અને ખેડૂતો માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. તેમજ ગણિત અને વિજ્ઞાનને લગતા અલગ અલગ દિવસોની ઉજવણી પણ કરવામાં આવે છે.

જેના ભાગ રૂપે ૨૨મી ડીસેમ્બરને ભારત દેશના મહાન ગણિત શાસ્ત્રી શ્રીનિવાસા રામાનુજનની જન્મજયંતીને સમગ્ર ભારત દેશમાં "રાષ્ટ્રીય ગણિત દિવસ" તરીકે ઉજવવામાં અવે છે. જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. 22 / 12 / 2016 ના રોજ શ્રી વી. એલ. માંગુકિયા (ઓથાવાળા) માધ્યમિક શાળા, માળવાવ, તા. મહુવા અને શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળા નં. ૫૯, ભાવનગરમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરાઈ હતી.

જેમાં વિદ્યાર્થીઓ માટે 'Mathematician In India : Past, Present And Future' દ્વારા શ્રીનિવાસા રામાનુજનના જીવન અને તેમના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે ગણિત વર્કશોપનું આયોજન કરવમાં આવેલ. જેમાં ગાણિતિક સિદ્ધાંતો પર આધારિત મોડેલો જેવાકે The Magic Squre of Ramanujan, Taxi Qube Number, Magic of NINE વગેરે વિદ્યાર્થીઓ પાસે બનાવરાવી વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે રૂચી જાગે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમાં બન્ને શાળાઓમાંથી કુલ મળીને ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્ય તથા શિક્ષકોએ પુરતો સાથ સહકાર આપેલ. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

26/12/'16

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.